

# અજોડ ગુરુભક્તિસભર, ગુણભંડારી સંતવિભૂતિ યોગીજી મહારાજ

~ ગોસ્વામી વિશ્વા સુરેશગિરિ (B.A; SEM-04) યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી

*બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની શતાબ્દી પ્રસંગે સ્થપાયેલા યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી દ્વારા પ્રતિ વર્ષ અમેરિકા સ્થિત અક્ષરમુક્તો પૂ. પ્રેરણાબહેન અને પૂ. મીનેશભાઈ પટેલના સૌજન્યથી 'યોગીજી મહારાજ જીવનદર્શન' વિષય ઉપર વિદ્યાર્થિનીઓ નિબંધલેખન કરે છે. આ વર્ષે જે નિબંધને પસંદ કરવામાં આવ્યા છે તેમાંના બે નિબંધોમાંથી પહેલો નિબંધ અત્રે યોગીજી મહારાજના પ્રાગટ્ય મંગલે પ્રકાશિત કરીએ છીએ. – તંત્રી*

**પરમ** આદરણીય, વિરલ વિભૂતિ, માન-અપમાનમાં એકતા ધરાવનારા, 'ભગવાન સૌનું ભલું કરો' અને 'ભગવાન ભજી લેવા'નો મંત્ર આપનાર, અજોડ ગુરુભક્તિ ધરાવનારા, સ્વયં સમર્પિત, સેવા કરનારા ગુણભંડારી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામિનારાયણ સંપ્રદાયના નિઃસ્પૃહી સંત હતા.

*** જન્મ-બાળપણ :**

જગતમાં 'યોગીજી મહારાજ' તરીકે પ્રતિષ્ઠિત થયેલા ઝીણાભાઈ ધારી શહેરના દેવચંદભાઈ અને પૂરીબાઈને ત્યાં સંવત ૧૯૪૬ની વૈશાખ વદ બારસ અર્થાત્ ૨૩ મે ૧૮૯૨માં જન્મ્યા હતા. બાળપણમાં તેઓ તેજસ્વી મુખવાળા, રૂપાળા, આકર્ષક હતા. તેમની માતા જ્યારે તેમને પોતાની સાથે કામ પર લઈ જતાં ત્યારે શાંતિથી પોતાનો અંગૂઠો ચૂસ્યા કરતા. સમય જતાં ઝીણાભાઈ નીડર, સ્પષ્ટવક્તા, સમયનો સદ્‌ઉપયોગ કરનાર, કાર્ય નૈતિકતાથી પાર પાડનાર આદર્શ વિદ્યાર્થી બને છે. તેઓને આધ્યાત્મિકતામાં ખૂબ રસ હતો; તેથી ધ્યાન કરવું, મંદિરનાં નિત્ય દર્શન અને સેવા જેવી પ્રવૃત્તિઓ તેઓ કરતા. મંદિરના પૂજારી અર્થાત્ તેમના કાકા ખરાબ સ્વાસ્થ્ય અને વૃદ્ધાવસ્થાને લીધે ઝીણાભાઈને મંદિર સંભાળવાની જવાબદારી સોંપે છે. ઝીણાભાઈ ખુશીથી દેવોને પ્રસાદ ધરવો, ફૂલોની માળા કરવી, મંદિર-મેદાનની સંભાળ રાખવી અને સાંજે બાળમિત્રોને બોલાવી ભજન-કીર્તન કરવા જેવી પ્રવૃત્તિઓ હોંશે-હોંશે કરતા. આમ, ઝીણાભાઈ પ્રતિભાસંપન્ન વ્યક્તિ હતા.

*** યાત્રા – પ્રેરક પરિબળો :**

ઝીણાભાઈએ સાતમા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. તેવા સમયે જૂનાગઢથી શ્રીકૃષ્ણચરણદાસ સ્વામીજી પોતાનું સંતમંડળ લઈને પધારે છે. ઝીણાભાઈ સંતોને પોતાના મંદિરમાં જોઈ ખૂબ રાજી થાય છે અને ભાવપૂર્વક સંતોની સેવા-સુશ્રૂષા કરે છે. તેમના નિઃસ્વાર્થ સેવાભાવથી શ્રીકૃષ્ણચરણદાસ સ્વામીજી પ્રસન્ન થાય છે. તેઓ એક દિવસ ઝીણાભાઈને બોલાવી પ્રશ્ન પૂછે છે કે : 'ઝીણા, સાધુ થઈશ ?' 'હા સ્વામી, સાધુ બનાવો તો વધુ સારું, મારી એ જ ઈચ્છા છે.' કહી પોતાની સંમતિ પ્રગટ કરે છે. ત્યારબાદ એક વર્ષ પછી માતા-પિતાના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કરી તેઓ જૂનાગઢમાં શ્રીકૃષ્ણચરણદાસ સ્વામીજી પાસે પાર્ષદી દીક્ષા ગ્રહણ કરે છે. અહીં તેઓ પોતાના સેવાભાવ અને પુરુષાર્થથી ગુરુજીને પ્રસન્ન કરે છે. આમ, ઝીણાભાઈ સેવાભાવ ધરાવતા કાર્યશીલ સંત પુરુષ હતા.

ઝીણાભાઈએ સ્વપ્નમાં ઘણીવાર જાગાભક્તનાં દર્શન અને ઉપદેશો ગ્રહણ કર્યાં હતાં. તેમનું શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન રાજકોટમાં થાય છે. અને મનોમન તેમને પોતાના ગુરુ કરી લે છે.

ફરતાં-ફરતાં ઝીણાભાઈ સરધાર પાસેના હજડિયાળા ગામમાં આવી પહોંચે છે. બપોરના સમયે ગરાસિયા ભક્તો આવે છે તેથી તેમના આદર-સત્કાર માટે ઝીણાભાઈ ઊભા થાય છે ત્યારે તેમના પગની ઊર્ધ્વરેખા જોઈ ગરાસિયા ભક્ત કહે છે કે : 'આપના પગમાં તો ઊર્ધ્વરેખા છે, ઊર્ધ્વરેખાવાળા પુરુષો તો મહાન હોય છે. ઊર્ધ્વરેખાવાળા પુરુષ ભગવાનનું સ્વરૂપ કહેવાય.' આવાં વચનો જ્યારે ઝીણાભાઈ સાંભળે છે ત્યારે તેઓ પોતાના પગ ઢાંકી દે છે અને કહે છે કે : 'ના, હું તો માત્ર સેવક છું.' જેમાં તેમનો નિર્માની-નિર્મળભાવ જોવા મળે છે.

'સંવત ૧૯૬૭ ચૈત્ર સુદી તેરશ' અર્થાત ૧૧ એપ્રિલ, ૧૯૧૧ના દિવસે સવારે આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજે વડતાલધામમાં ખૂબ ધામધૂમથી ઝીણાભાઈને ત્યાગીની દીક્ષા આપી 'જ્ઞાનજીવનદાસજી' એવું નામ આપ્યું છે. જૂનાગઢના સંતો, હરિભક્તો તેમને 'યોગીજી' કહીને અને તેમના ગુરુ શ્રીકૃષ્ણચરણદાસજી 'જ્ઞાનજી સ્વામી' કહીને બોલાવતા. ત્યારબાદ યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજની પ્રવર્તમાન શાખામાં જોડાય છે. શ્રીકૃષ્ણચરણદાસજી પોતાના અંતિમ સમયમાં યોગીજીને આશીર્વાદ પ્રદાન કરી વિદાય લે છે.

*** વ્યક્તિત્વ :**

યોગીજી મહારાજ સાચા અર્થમાં તપસ્વી સાધક હતા. સેવા અને સાદગીપ્રિય યોગીજી હંમેશાં જાડાં કપડાં પહેરતા, દિવસમાં એકવાર ભોજન ગ્રહણ કરતા. દર ત્રણ દિવસે નિર્જળા ઉપવાસ અને નવી વાનગી કે

અન્નકૂટ હોય ત્યારે ઉપવાસ ગ્રહણ કરતા. આમ, તેઓ સંયમશીલ હતા. નાના-મોટા સર્વને બોલાવતા, વાતો કરતા અને આશીર્વાદ પ્રદાન કરતા. સર્વનું હિત ઇચ્છતા. મુખ હંમેશાં મલકતું અને આખો દિવસ સ્વામિનારાયણનું અખંડ ભજન કરતા. તેમનું પ્રિય ભજન 'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે,' હતું. 'ખમવું' એને ક્ષમાગુણ કહેતા. માન-અપમાનમાં એકતા માનતા અને પોતાનું અપમાન ધીરજપૂર્વક સ્વીકારી લેતા. તેમને સંસારની એક પણ બાબતમાં રસ ન હતો. બાળકો અને યુવાનો તેમને પ્રિય હતાં. આથી કહી શકાય કે, 'અપકારનો બદલો ઉપકારથી વાળે એવા પ્રેમમૂર્તિ - નિર્માની સંત યોગીજી મહારાજ હતા.'

યોગીજી મહારાજ સેવામાં અદ્વિતીય હતા. ઉંમરમાં નાના હોવા છતાં સેવામાં મહાન હતા. વહેલા ઊઠી ન્હાઈ-ધોઈ સેવામાં પહોંચી જાય. ત્રણસો જેટલા રોટલા કરે. બધી રસોઈ પોતે કરે. બધાને પીરસી જમાડે. અંતે પોતે જમે અને વાસણ સાફ કરે. મંદિરની સેવા પણ ખૂબ ભાવપૂર્વક કરતા અને મનમાં એક જ ભાવ રહેતો કે દેવોની સેવા ક્યાંથી? આમ, તેઓ નિઃસંકોચપણે સેવા કરતા.

શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજને ગોંડલ અક્ષર મંદિરના મહંત બનાવે છે ત્યારે પણ તેઓ રસોડાઘરમાં જઈ સેવા કરતા. સેવા વિશે તેઓ કહેતા કે, 'દાસના દાસ થવું એ સૌથી મોટી પદવી છે, મોટા સાહેબ થઈએ તો પણ સેવા કરવી; કારણ કે, જ્ઞાન શીખે અને સેવા કરે તે આગળ વધતા જાય.' આમ, યોગીજી મહારાજ સ્વયં સમર્પિત સેવા કરનારા સાધુપુરુષ હતા.

એક દિવસ શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજને એકાદશીના સમૈયામાં મોકલે છે, ત્યારે તે લોકોના આગ્રહને વશ થઈ યોગીજી શ્રીજી મહારાજને ભાવપૂર્વક થાળ ધરાવે છે અને શ્રીજી મહારાજ તે થાળ આરોગે છે, એ જોઈને સૌને ખાતરી થાય છે કે, શ્રીજી મહારાજ યોગીજીને વશ છે. આમ, તેઓ પરાભક્તિ ધરાવતા હતા.

તેમની ગુરુભક્તિ અજોડ હતી. જ્યારે સારણગાંઠને લીધે યોગીજી મહારાજનું ઑપરેશન કરવામાં આવે છે ત્યારે ભાનમાં આવતાં સૌ પ્રથમ યોગીજી 'શાસ્ત્રીજીને દૂધ પાયું ?' એવો પ્રશ્ન પૂછે છે. જેમાં તેમનો ગુરુમહિમા જોવા મળે છે. યોગીજી યુવાનોને પણ માતા-પિતા, વડીલોનું માન-સન્માન, આદર કરવાનો સંદેશ આપે છે.

શાસ્ત્રીજી મહારાજ પોતાના અંતિમ સમયમાં કહે છે કે : "મારા અને યોગીમાં એક રોમનોય ફેર નથી, હું તે યોગી, અને યોગી તે હું છું !" આમ કહી તેઓ મોક્ષપદને પ્રાપ્ત કરે છે. ત્યારબાદ સૌને યોગીજી મહારાજમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થાય છે. અને યોગીજી મહારાજ સર્વ કાર્ય સંભાળે છે.

*** કાર્યો :**

યોગીજી મહારાજે સમાજ સુધારણા ક્ષેત્રે પણ કાર્ય કર્યું છે. તેઓ યુવાનોની બાબતો રસપૂર્વક સાંભળતા અને તેમને જ્ઞાન પ્રદાન કરતા. તેઓ યુવાનો વિશે કહેતા કે, 'યુવાનો મારું હૃદય છે.' યુવાનોનું પાલન-પોષણ ખૂબ ચીવટપૂર્વક કરતા. વૅકેશનમાં યુવાનોને પોતાની સાથે ગામડે ફેરવતા અને છૂટા પડે ત્યારે ધર્મની જાળવણી કરવાની ભલામણ કરતા. યોગીજી મહારાજના જીવન પ્રભાવ-વિચારોથી યુવાનોનાં જીવનમાં પરિવર્તન આવ્યું હતું. અને તેમણે સાધુ થવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ત્યારે યોગીજી મહારાજ ઉચ્ચ શિક્ષણ પામેલા એકાવન યુવાનને દીક્ષા આપે છે.

તેમણે ગામડે-ગામડે સત્સંગમંડળો, સભાઓની સ્થાપના કરી. રેલવે સ્ટેશન, શાળાઓની પણ સ્થાપના કરાવી. પોતાના ગુરુજી શાસ્ત્રીજી મહારાજનો જન્મશતાબ્દી મહોત્સવ ઊજવ્યો. 'અમૃતપર્વ' સ્મારકગ્રંથ અને 'યજ્ઞપુરુષ' સ્મૃતિગ્રંથ પ્રગટ કરાવ્યા. 'હરિલીલા કલ્પતરુ' છપાવી પ્રસિદ્ધ કર્યું. સ્વામિનારાયણ સંપ્રદાયની 'સત્સંગ પત્રિકા' સામયિક શરૂ કરાવ્યું. મુંબઈમાં સંસ્કૃત ભણવા માટે શાળાની સ્થાપના કરી. અને 'યોગીગીતા'માં આધ્યાત્મિકતાનો સંદેશો અને પ્રાર્થના, ગીતાનો સંદર્ભ પ્રદાન કરે છે. આમ, સેંકડો હરિમંદિરો, જ્ઞાનશિબિરો યોજી જ્ઞાન પ્રદાન કર્યું, નવા સત્સંગીઓ કર્યા અને યુવાનોને દીક્ષા આપી.

યોગીજી મહારાજે પાશ્ચાત્ય દેશો જેવા કે કૅનેડા, સ્વીડન, આફ્રિકા, લંડન દેશોમાં સત્સંગનું બીજ સ્થાપ્યું અને તે પ્રવૃત્તિને વિકસાવી. આમ, પોતાના પ્રભાવથી અંધારા ખંડને અજવાળ્યો હતો. જ્યારે તેઓ ભારત પરત ફરે છે ત્યારે તેમનું યશોગાન સ્વાગત અને અભિવાદન કરવામાં આવે છે. ત્યારપછી તેઓ પોતાનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરે છે. અચાનક માંદગી ગ્રહણ કરે છે અને મુંબઈ સારવાર માટે લઈ જવામાં આવે છે. પ્રમુખ સ્વામીજી મહારાજને યોગીજી મહારાજ સર્વ કાર્યભાર સોંપે છે. સંવત ૨૦૨૭ પોષ વદ-૧૧, ૨૩ જાન્યુઆરી ૧૯૭૧ના રોજ યોગીજી મહારાજ સૌને 'જય શ્રી સ્વામિનારાયણ' કહી અંતર્ધ્યાન થાય છે. તેમના દેહને ગોંડલ લાવવામાં આવે છે અને ષોડ્ષ પૂજા પ્રમાણે અંતિમવિધિ કરવામાં આવે છે. આજે પણ આ જગ્યાએ સ્મૃતિ મંદિર છે.

સ્વામિનારાયણ સંપ્રદાયને આગળ ધપાવનાર, યુવાનોને પોતાનું હૃદય માનનારા, લોકકલ્યાણ અર્થે અને સ્વયં સેવામાં જીવન પ્રદાન કરનાર યોગીજી મહારાજ પ્રેમમૂર્તિ, નિર્મળ, નિઃસ્પૃહી સંત હતા. જેમના નામથી આપણી કૉલેજ 'શ્રી યોગીજી મહારાજ મહાવિદ્યાલય' ઓળખાય છે એવા બ્રહ્મસ્વરૂપ કે જેમનું શબ્દગત વર્ણન ન થઈ શકે તેવા 'યોગીજી મહારાજને શત શત નમન !'

◆